# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો આરંભ કરાવ્યો**
2. **મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, સેવા અને સમર્પણના ભાવ દ્વારા વિકસિત રાષ્ટ્રના નિર્માણની ભાવના આજે સાકાર થઈ રહી છે.**
3. **આવતીકાલે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ગુજરાતની 40 હજાર શાળાઓનાં 61 લાખથી વધુ વિદ્યાર્થી ભાગ લેશે**
4. **રાજકોટ ખાતે રમાઇ રહેલી રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઇનલ મેચમાં ગુજરાતે સૌરાષ્ટ્ર પર 44 રનની સરસાઇ મેળવી**
5. **રાજ્યમાં કેટલાંક સ્થળોએ મહત્તમ તાપમાનમાં વધારો નોંધાતા ગરમીનો અનુભવ**

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM Ambaji Parikrama

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ત્રણ દિવસના શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ – 2025નો આરંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ મા અંબાના દર્શન કરીને પાલખી તથા ઘંટી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

**(BYTE : CM AMBAJI)**

મુખ્યમંત્રીએ અંબાજી ખાતે અંદાજિત ૧૨ કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલય બિલ્ડીંગનું લોકાર્પણ કર્યું હતું. આ વિદ્યાલયમાં કર્મકાંડ, જ્યોતિષ, વેદ, પુરાણ,ધર્મશાસ્ત્ર અને ઉપનિષદ વગેરેનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે મુખ્યમંત્રીના હસ્તે દિવ્યાંગ લાભાર્થીઓને સહાય વિતરણ સહિતના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું.

પરિક્રમાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું આગમન થયું છે. પરિક્રમા મહોત્સવ માટે અંબાજી આવનાર શ્રદ્ધાળુઓ માટે 500 જેટલી એસટી બસ ની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે અને ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# CM Bharat Vikas Parishad

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, સેવા અને સમર્પણના ભાવ દ્વારા ઉન્નત સમાજ થકી વિકસિત રાષ્ટ્રના નિર્માણની ભાવના આજે સાકાર થઈ રહી છે.

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રહિત પ્રથમની ભાવના પ્રબળ બની છે.

સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં ભારત વિકાસ પરિષદના યોગદાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે આજે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ સરકાર અને વહીવટી તંત્રને પૂરક બનીને સમાજના દરેક વર્ગને આગળ લાવીને આગવી સમાજસેવા અને કર્તવ્યનિષ્ઠાનાં દર્શન કરાવી રહી છે.

**(BYTE: CM BHARAT VIKAS)**

શ્રી પટેલે ભારત વિકાસ પરિષદના કાર્યકર્તાઓને સમાજસેવા ક્ષેત્રે તેમના યોગદાન બદલ  સન્માનિત કર્યાં હતા.

ભારત વિકાસ પરિષદ ભારતીય સમાજના વિકાસ માટે નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો કરે છે

# CM-SAMUH LAGN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સમસ્ત આદિવાસી ભીલ સેવા સમાજ દ્વારા અમદાવાદમાં 27માં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું. આ તકે નવદંપતિઓને આશીર્વચન પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી સમાજને સમયની માંગ સાથે ચાલનારો સમાજ ગણાવ્યો હતો.

તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર 600 વર્ષ પહેલા આશાભીલના નગર તરીકે ઓળખાતું હતું. આદિજાતિના આરાધ્ય દેવ ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિનું આ વર્ષ પ્રધાનમંત્રીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ઉજવાઈ રહ્યું છે, ત્યારે સમાજના દરેક વર્ગને સાથે લઈને, તેમની પડખે ઊભા રહેવું તે વર્તમાન સરકારનું દાયિત્વ છે.

# CM Ghuma Temple

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ઘુમા વિસ્તારમાં આવેલા ખોડિયાર ધામ પુનઃ નિર્માણ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત શતચંડી મહાયાગ મહોત્સવમાં હાજરી આપી હતી. મંદિરના નવનિર્માણ અને પુનઃ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે ૧૦૮ કુંડીનો યજ્ઞ આયોજિત કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ યજ્ઞશાળાની પ્રદક્ષિણા કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# Pariksha Pe Charcha

વિદ્યાર્થીઓને તણાવમુક્ત પરીક્ષા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપવા તેમની સાથે સંવાદ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા' ની આઠમી આવૃત્તિ આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે.

પ્રસ્તુત છે ગુજરાત અંગેનો અહેવાલ....

## (VOICE CAST : ANIL PATEL)

**[પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતેથી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.**

**ગુજરાતમાં ધોરણ 10 અને 12 વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ સહિત ધોરણ 6 થી 12 સુધીના વર્ગોના કુલ 61 લાખ 49 હજાર 343 વિદ્યાર્થીઓ પ્રધાનમંત્રી અને વિવિધ ક્ષેત્રોનાં નિષ્ણાતો પાસેથી જીવન અને શિક્ષણનાં વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન મેળવશે.** ગુજરાતની 40 હજારથી વધુ શાળાઓમાં વિવિધ માધ્યમો દ્વારા જીવંત પ્રસારણ થવાનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ હેઠળ અમદાવાદના વસ્ત્રાલની ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.

**આ કાર્યક્રમનું આકાશવાણી, દૂરદર્શન, સ્વયં, સ્વયં પ્રભા, PMO યુટ્યુબ ચેનલ અને શિક્ષણ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયોની સોશિયલ મીડિયા ચેનલો પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. અનિલ પટેલ, આકાશવાણી સમાચાર , અમદાવાદ.]**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Teacher’s convention petlad

શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે સમાજ ઘડતરમાં શ્રેષ્ઠ નાગરિકોનું નિર્માણ કરવા શિક્ષકોને અનુરોધ કર્યો છે.

પેટલાદની ચારૂસેટ યુનિવર્સિટીનાં ચાંગા કેમ્પસ ખાતે ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના ૮મા શૈક્ષણિક અધિવેશનને સંબોધતા શ્રી ડીંડોરે નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં  વિદ્યાર્થીઓના ઘડતરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભૂમિકા વિશે સમજ આપી હતી.

આ ઉપરાંત તેમણે વિદ્યાથીઓ દરેક ક્ષેત્રમાં પ્રેરણાત્મક કામ કરે તે માટે પ્રોત્સાહન પૂરૂં પાડવા શિક્ષકો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિત રહ્યાં હતા.

# Bhavnagar Gujarat Board Exam

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વાર્ષિક પરીક્ષામાં ભાવનગર જિલ્લામાં ધોરણ ૧૦ના ૩૭ હજાર ૩૭૩ વિદ્યાર્થી, ધોરણ ૧૨ સામાન્યપ્રવાહમાં ૧૭ હજાર ૪૫૪ અને ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૬ હજાર ૩૬૬ વિદ્યાર્થી પરીક્ષા આપશે. ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી પરીક્ષા માટે જિલ્લા પરીક્ષા સમિતિની રચના કરવા સહિત તેને લગતા કાર્યોની યાદી જાહેર કરાઈ છે.

શાળાઓને પરીક્ષા શરૂ થવાથી પૂર્ણ થાય ત્યાં સુધી સીસી ટીવી કેમેરાનું રેકોર્ડીંગ અવિરત ચાલુ રાખવા, પેટી રાખવા, ધોરણ ૧૦માં કેલ્યુલેટરનાં ઉપયોગ પર મનાઈ અને ધોરણ ૧૨માં સાદાં કેલ્યુલેટરની મંજૂરી જેવી સૂચનાઓ જાહેર કરવામાં આવી છે.

# DIU-INTERNATIONAL BIRDS

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં શિયાળા દરમિયાન અનેક પ્રજાતિઓના પક્ષીઓનું આગમન થાય છે, ત્યારે દીવ વન વિભાગ દ્વારા ખાસ પક્ષીઓને નિહાળવા માટે બર્ડ સેન્ચૂરી બનાવવામા આવી છે, જેમાં પર્યટકો બોટિંગ કરીને છેક અંદર સુધી પહોંચી પક્ષીઓને જોવાનો લ્હાવો માણે છે.

ઉલ્લેખનીય છે કે, પર્યટકોની સાથે – સાથે સ્થાનિકો પણ ફ્લેમિંગો, વિવિધ પ્રજાતિના બતકો, અને ચકલીઓ સહિત પક્ષીઓ નિહાળી આનંદ અનુભવે છે.

# RANJI TROPHY

રાજકોટ ખાતે રમાઇ રહેલી રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઇનલ મેચમાં ગુજરાતે સૌરાષ્ટ્ર પર 44 રનની સરસાઇ મેળવી લીધી છે... રમતના બીજા દિવસના અંતે ગુજરાતે ચાર વિકેટે 260 રન બનાવી લીધા છે. જયમિત પટેલ 88 અને ઉર્વિલ પટેલ 29 રને રમતમાં છે. સૌરાષ્ટ્ર તરફથી ચિરાગ જાનીએ બે અને જયદેવ ઉનડકટ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ એક-એક વિકેટ ઝડપી હતી. અગાઉ સૌરાષ્ટ્ર તેની પહેલી ઇનિંગમાં 216 રન બનાવીને ઓલ આઉટ થઇ ગયું હતું.

# BHAVNAGAR-AKHAND YAGNYA

ભાવનગરમાં આવેલા માતંગી માતાના મંદિરે આવતીકાલે યોજાનાર 24મા પાટોત્સવને અવસરે સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધી નિ:શુલ્ક અખંડ યજ્ઞનું આયોજન કરાશે. જેમાં તમામ ભાવિકો મંત્રોચ્ચાર સાથે આહૂતિ અને શીખર સ્નાનનો લાભ લેશે.

ઉલ્લેખનીય છે કે, આવતીકાલે સવારે કેસર સ્નાન, મંગળા આરતી, ધ્વજારોહણ અને અભિષેક પૂજા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે અને વિશાળ પાલખીયાત્રા પણ યોજાશે.

# Weather

રાજ્યમાં કેટલાંક સ્થળોએ મહત્તમ તાપમાનમાં વધારો નોંધાતા ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેવાની આગાહી કરી છે.

છેલ્લાં 24 કલાકમાં અમદાવાદમાં 31 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 33, ગાંધીનગરમાં 28.8, રાજકોટમાં 34.9 અને સુરતમાં 34.6 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું હતું.

નલિયામાં રાજ્યનું લઘુતમ તાપમાન 10.4 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં 14.9, વડોદરામાં 15.6, ગાંધીનગરમાં 12.2, રાજકોટમાં 14.4 અને સુરતમાં 18.6 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું

આ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નહિ થવાની હવામાન વિભાગની આગાહી છે.

# CHHOTAUDEPUR-KESUDANA FULO

છોટાઉદેપુર જિલ્લામાં વસંત ઋતુની શરૂઆતમાં જ ખાખરાના વૃક્ષો ઉપર પુષ્કળ પ્રમાણમાં કેસુડા ખીલી ઉઠતા, પ્રાકૃતિક સૌંદર્ય નીખરી ઉઠ્યું છે, ત્યારે વનારગામની આસ્થા સખીમંડળની બહેનો લીમડાના પાન અને કેસુડાના ફૂલોમાંથી હર્બલ સાબુ બનાવીને વર્ષે 1 લાખ રૂપિયા જેટલું ટર્ન ઓવર મેળવી, અંદાજિત 10 બહેનોને રોજગારી પૂરી પાડે છે.

મહત્વનું છે કે, ખાખરાનાં વૃક્ષમાંથી નીકળતી લાખનો માટીના વાસણોમાં કોટેજ કરવામાં ઉપયોગ થાય છે, જેનું પ્રતિકિલોએ 1 હજારથી તેરસો રૂપિયામાં વેચાણ કરવામાં આવે છે.

**(BYTE : GEETABEN RATHVA)**